અપીલ અરજી નં.૭૬ તા.૧૦/૧૧–૫ –૧૧
ફોન નં. ૦૨૬૧/૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશ ઈશ્વરભાઈ પટેલ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશ ઈશ્વરભાઈ પટેલની તા.૮–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(એ) મોજે ગામ લીંબાયતના રે.સ. નં.૪૯ , વાળી જમીનમાં રહેણાંકના હેતુ માટે " સુભાષનગર સોસાયટી" નું આયોજન કરવામાં આવેલ છે. તેમાં આવેલ પ્લોટ નં.૩૯૩ જેનો સુરત મ્યુ. ટેનામેન્ટ નંબર ૨૫ સી–૨૫–૩૮૮૧–૦–૦૦૦ છે તે પ્લોટ તથા સદરહું પ્લોટવાળી લાઈનમાં (ગલી નં.૫) માં આવેલ અન્ય પ્લોટોનો પૂર્વ દિશામાં જે રસ્તો આવેલ છે તેમાં હાલમાં સુરત મ્યુ. કોર્પો. નાં દફતરે રહેલ કાયદેસર રીતે મંજુર થયેલ પ્લાન મુજબ ચોકકસ કેટલી પહોળાઈનો છે? વિગેરે મુદ્દા નં.એ થી ડીની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૧૦/૧૧–૫–૧૧ ની **SMC/FAP/** નં.૭૬/૨૦૧૧–૧૨

શ્રી નરેશ ઈશ્વરભાઈ પટેલની તા.૮–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(એ) મોજે ગામ લીંબાયતના રે.સ. નં. ૪૯ , વાળી જમીનમાં રહેણાંકના હેતુ માટે " સુભાષનગર સોસાયટી" નું આયોજન કરવામાં આવેલ છે. તેમાં આવેલ પ્લોટ નં.૩૯૩ જેનો સુરત મ્યુ. ટેનામેન્ટ નંબર ૨૫ સી–૨૫–૩૮૮૧–૦–૦૦૦ છે તે પ્લોટ તથા સદરહું પ્લોટવાળી લાઈનમાં (ગલી નં.૫) માં આવેલ અન્ય પ્લોટોનો પૂર્વ દિશામાં જે રસ્તો આવેલ છે તેમાં હાલમાં સુરત મ્યુ. કોર્પો. નાં દફતરે રહેલ કાયદેસર રીતે મંજુર થયેલ પ્લાન મુજબ ચોકકસ કેટલી પહોળાઈનો છે? વિગેરે મુદ્દા નં.એ થી ડીની માહિતી આપવા બાબતે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૪૯ તા.૭–૫–૧૧ ના મળેલા પ્રતિભાવથી અધૂરી માહિતી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા૧૦/૧૧–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૦ તા.૨૦–૫–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમને તા.૭–૫–૧૧ ના પત્રથી પ્લાન મંજુર ન હોઈ માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ તેમ છતાં નારાજગી અંગે કરેલ અધૂરી માહિતીના કોઈ આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સાઈ.ઝોન/મહેકમ/૭૫૫ તા.૭–૬–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૪૯ તા.૭–૫–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૬–૫–૧૧ નો પૂરક પત્ર જેમાં અરજદારે આધાર હોત તો માહિતી શું કામ માંગત અને અધૂરી મળેલ છે તેવું જણાવી જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની નકલ રજૂ કરેલ છે. પરંતુ નારાજગી અંગે કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી. જેને પરિણામે અરજદારે માંગેલ માહિતી અનુસાર ખરેખર તેવું આયોજન થયેલ છે કે કેમ? અગર કાર્યવાહી મ.ન.પા .તરફે ચાલે છેકે કેમ? તેવી કોઈ વિગતો અરજદાર અપીલ તબકકે રજૂ કરી શકેલ નથી.

અરજદારની તા.૮–૪–૧૧ ની અરજીથી લીંબાયતના રે.સ નં.૪૯, સુભાષનગર સોસા.ના પ્લોટ નં.૩૯૩ અંગે બાંધકામ કે અન્ય કાર્યવાહી અંગે મુદ્દા નં.એ થી ડી ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(એ) સુરત ડીસ્ટ્રીકટ , સબ–ડીસ્ટ્રીકસ ચોર્યાસીના મોજે ગામ લીંબાયતના રે.સ. નં.૪૯ વાળી જમીનમાં રહેણાંકના હેતુ માટે "સુભાષનગર સોસા." નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આવેલ પ્લોટ નં.૩૯૩ જેનો સુરત મ્યુ. ટેનામેન્ટ નંબર ૨૫ સી–૨૫–૩૮૮૧–૦–૦૦૦ છે તે પ્લોટ તથા સદરહું પ્લોટવાળી લાઈનમાં (ગલી નં.૫) માં આવેલ અન્ય પ્લોટોનો પૂર્વ દિશામાં જે રસ્તો આવેલ છે તેમાં હાલમાં સુરત મ્યુ. કોર્પો. નાં દફતરે રહેલ કાયદેસર રીતે મંજુર થયેલ પ્લાન મુજબ ચોકકસ કેટલી પહોળાઈનો છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયત રે.સ. નં.૪૯ સુભાષનગરના કોઈ સક્ષમ સત્તાધીશ ધ્વારા મંજુર કરવામાં આવેલ પ્લાનની નકલ લીબાંયતઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી વધુમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા સદર કોઈ મંજુર પ્લાન કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. (બી) જો નં.એ માં જણાવ્યા મુજબના રસ્તામાં કોઈ બાંધકામ કે અન્ય કોઈ કાર્યવાહી કોઈ કામગીરી –ઠરાવ થયેલ હોય કે નિર્ણય લેવામાં આવેલ, હોય તો તે અંગે સંપૂર્ણ માહિતી તથા જે તે સંબંધિત ઠરાવો/ નિર્ણય/હુકમની એક–એક સહી –સિકકા વાળી નકલ આપશો. (સી) સદરહુ રસ્તામાં સુરત મ્યુ. કોર્પો. ધ્વારા જો કોઈ કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ હોય તો આવી કામગીરી થવાને કારણે આજુબાજુના પ્લોટ હોલ્ડરો/માલીકો –અસરકર્તાઓને જાણ કરતી કોઈ નોટીસ આપવામાં આવેલ છે? જો આવી કોઈ નોટીસ આપવામાં આવેલ હોય તો કઈ કઈ વ્યકિતને ? કયા માધ્યમથી? અને ચોકકસ કઈ તારીખે આપવામાં આવેલ છે? તેની વિગતવારની માહિતી આપશો. (ડી) સદરહુ રસ્તામાં સુરત મ્યુ. કોર્પો. ધ્વારા જો કોઈ કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ હોય તો તે

અંગે વાંધાઓ રજૂ કરવા બાબતેની કાયદેસરની કાર્યવાહી શુ છે? અને તે બાબતે કયાં અધિકારી–ડીપાર્ટમેન્ટને કયારથી કેટલી અને કેવી રીતેની સમય મર્યાદામાં કાયદેસરની રજૂઆત કરવી પડે? તેવા પ્રશ્ન નં.બીસીડી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એ મુજબ મંજુર પ્લાનની નકલ ઉપલબ્ધ ન હોઈ માહિતી આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. પરંતુ અરજદારને મુદ્દા નં. બી રસ્તાના બાંધકામ અંગે કાર્યવાહી કે ઠરાવ થયેલ હોય તો તે મુદ્દા નં. સી જો આવી કામગીરી નકકી કરવામાં આવેલ હોય તો તે અંગે અસરકર્તાને જાણ કરતી નોટીસ અંગેની માહિતી મુદ્દા નં. ડી અંગે સુરત મ્યુ. કોર્પોરેશન ધ્વારા કામગીરી નકકી કરવામાં આવેલ હોય તો તે અંગે વાંધાઓ રજૂ કરવા અંગેની કાયદેસરની કાર્યવાહી શુ છે? અને તે બાબતે કયા અધિકારી કે ડીપાર્ટમેન્ટને કયારથી કેટલી અને કેવી રીતે સમય મર્યાદામાં કાયદેસરની રજૂઆત કરવી પડે? તેવો પ્રશ્ન આરટીઆઈ એકટની કલમ–૪(૧)સી તથા (ડી) હેઠળ આવતી હોઈ તેથી જો તે રસ્તા અંગે કોઈ આયોજન થયેલ હોય કે કાર્યવાહી હાથ ધરવાનું નકકી થયેલ હોય તો તે અંગેની હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

આરટીઆઈ કાયદાની કલમ ૪ (૧) (સી) હેઠળ જાહેર જનતાને અસર કરતી અગત્યની નીતિ કે નિર્ણયો કરતી વેળા સંબંધિત સઘળી હકીકત જાહેર સતામંડળ કક્ષાએ પ્રસિધ્ધ કરવાની તથા કલમ ૪ (૧) (ડી) હેઠળ જાહેર સત્તામંડળ ે લીધેલ વહીવટી કે અર્ધન્યાયિક નિર્ણયોના કારણો અસરકર્તાને પૂરી પાડવાની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૮–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.એ ની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.બી થી ડી ની માહિતી કલમ–૪(૧) સી તથા (ડી) હેઠળ જાહેર જનતાને કે અસરકર્તાને જણાવવા યોગ્ય કક્ષામાં આવતી હોવાથી તેની દફતરી હકીકતલક્ષી માહિતી અન્યથા તેવી કોઈ કાર્યવાહી હાથ ધરાયેલ ન હોય તો તે મુજબની હકીકત આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશ ઈશ્વરભાઈ પટેલ,